## રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર: રાષ્ટ્રપતિએ વિજેતાઓને સન્માનિત કર્યા

# મિથુનને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત

**મલયાલમ** ફિલ્મ આટ્ટમને શ્રેષ્ઠ ફિલ્મનો, સુરજ બડજાત્યાને શ્રેષ્ઠ દિગ્દર્શકનો, ઋષભ શેટ્ટીને શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર

**ગુજરાતી** ફિલ્મ કચ્છ એક્સપ્રેસ માટે માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર એનાયત

**મિથુને** હાથે પ્લાસ્ટર સાથે એવોર્ડ સ્વીકાર્યો





### શ્યામ વર્ણના લોકો ફિલ્મોમાં ન ચાલે એવું મને કહેવાયૂં હતુંઃ મિથુન

મિથુન ચક્રવર્તીએ પુરસ્કારથી સન્માનિત થયા બાદ જાતિવાદી ટિપ્પણીઓથી લઈને ભારતીય ફિલ્મ ઉદ્યોગના 'ડાર્ક અને સેક્સી બંગાળી બાબુ'નું બિરુદ મેળવવા સુધીની તેની સફર અંગે જણાવ્યું હતું. 'હું ભગવાનને ઘણી ફરિયાદ કરતો હતો. મને સહેલાઈથી કશું જ મળ્યું ન હતું, મેં ખૂબ સંઘર્ષ કર્યો હતો. પણ આજે આ પુરસ્કાર મેળવ્યા બાદ મેં ફરિયાદ કરવાનું છોડી દીધું છે. ભગવાન તમારો ખૂબ ખૂબ આભાર કે તમે મને બધું જ વ્યાજ સહિત પાછું આપ્યું.'

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ મંગળવારે પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાલ્કે પુરસ્કાર એનાયત કર્યો હતો અને 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના વિજેતાઓને સન્માનિત કર્યા હતા જેમાં સંગીતકાર એ આર રેહમાન, અભિનેતા ઋષભ શેટ્ટી, નિત્યા મેનન અને માનસી પારેખ સામેલ હતાં. મુર્મુએ નોંધ લીધી હતી કે પુરસ્કાર પ્રાપ્ત કરનાર 85 કલાકારો પૈકી માત્ર 15 મહિલાઓ હતી.

વર્ષ 2022માં સિનેમા ક્ષેત્ર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત ઓગસ્ટ મહિનામાં કરવામાં આવી હતી.

દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં આયોજિત સમારંભમાં મુર્મુએ કહ્યું હતું કે ભારતીય સિનેમા વિશ્વમાં સૌથી મોટો ફિલ્મ ઉદ્યોગ છે કારણ કે તે વિવિધ ભાષાઓ અને પ્રદેશોમાં ફિલ્મોનું નિર્માણ કરે છે.

મુર્મુએ દાદાસાહેબ ફાલ્કે પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ મિથુનને અભિનંદન પણ પાઠવ્યા હતા.

મલયાલમ ફિલ્મ 'આટ્ટમ: ધ પ્લે'ને શ્રેષ્ઠ ફિલ્મનો સાથે જ પટકથા અને એડિટીંગ વર્ગના પુરસ્કાર મળ્યા હતા. સુરજ બડજાત્યાને હિન્દી ફિલ્મ 'ઊંચાઈ' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો પુરસ્કાર એનાયત કરાયો હતો. આ જ ફિલ્મ માટે નીના ગુપ્તાને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો હતો.

કન્નડની સુપરહીટ ફિલ્મ 'કાંતારા' માટે ઋષભ શૈટ્ટીને શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર મળ્યો હતો. તમિલ ફિલ્મ થિરૂચિત્રામબલમ માટે નિત્યા મેનન અને ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસ માટે માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનો પરસ્કાર એનાયત કરાયો હતો.

## ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં અઝહરુદ્દીનની 9 કલાકથી વધુ પૂછપરછ કરી

હૈદરાબાદ, તા. 8 (પીટીઆઈ) : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં કથિત નાણાકીય ગેરરીતિઓ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને કોંગ્રેસના નેતા મોહમ્મદ અઝહરુદ્દીનની નવ કલાકથી વધુ પૂછપરછ કરી હતી. એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ કહ્યું હતું કે, ફેડરલ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ તેમનું નિવેદન નોંધ્યું હતું.61 વર્ષીય ભૂતપૂર્વ સાંસદને સૌપ્રથમ 3 ઓક્ટોબરે ઈડી સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે નોટિસને મુલતવી રાખવાની માંગ કરી હતી અને નવી તારીખ માંગી હતી. ત્યાર બાદ એજન્સીએ તેને 8 ઓક્ટોબરે હાજર થવા માટે નવેસરથી સમન્સ જારી કર્યા હતા. સફેદ કુર્તા-પાયજામામાં સજ્જ અઝહરુદ્દીન સવારે 11 વાગ્યાની આસપાસ ફતેહ મેદાન રોડ પર આવેલી ઈડી ઓફિસ પહોંચ્યો હતો. તે રાત્રે 9 વાગ્યા પછી ઈડી ઓફિસમાંથી નીકળી ગયો હતો.

## વિશ્વના સૌથી એડવાન્સ્ડ રોબોટ્સ ડેટ પર ગયા, લોકોએ વીડિયો જોઈ કહ્યું બંને વચ્ચે સારી કેમેસ્ટ્રી



નવી દિલ્હી, તા. 8: બે રોબોટ્સ ડેટ પર જાય તે વિચાર કદાચ કોઈ મજાક જેવો લાગે. પરંતુ એન્જીનીયર્ડ આર્ટ્સ દ્વારા પોસ્ટ કરાયેલા નવા વીડિયોમાં તે વાસ્તવિકતા બની ગયું છે. વીડિયોમાં, એમેકા અને અઝી 'વિશ્વમાં સૌથી અદ્યતન' તરીકે દાવો કરાયેલા બે માનવીય રોબોટ્સ ડેટ પર જાય છે. વાતચીત દરમિયાન તેઓ તેમના ચહેરા પર વિવિધ હાવભાવ લાવતા જોઈ શકાય છે. બંને વચ્ચેની વાતચીતથી કેટલાંક યુઝર્સ આનંદિત થયા હતા, એક યુઝરે રમૂજ કરી હતી કે આ રોબોટ્સ પર આખી ફિલ્મ બનવી જોઈએ. 'તેમની વચ્ચે બહુ સારી કેમેસ્ટ્રી છે. મને તેમની ઉપર બનેલી ફિલ્મ જોવી છે.'

## હરિયાણાના પરિણામો બાદ જલેબી સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ



**હવે** જલેબીની ફેક્ટરી નહીં લાગશે એટલે હલવાઈઓની રોજગારી જળવાઈ રહેશે

**હરિયાણા** ભાજપે જીતની ખુશીમાં રાહુલને જલેબી મોકલી

નવી દિલ્હી, તા. 8: અસલ મુદ્દા પર આવતા પહેલાં ગોળ ગોળ ફરવું તે રાજકારણમાં અપેક્ષિત છે. પણ રાજકારણમાં જલેબી અપેક્ષિત નથી. જો કે રાહુલ ગાંધી જલેબીને રાજકારણમાં લઈ આવ્યા હતા. તેની ઉપર મંગળવારે કોંગ્રેસ હરિયાણામાં હારી રહી હતી ત્યારે જલેબીને લઈને કેટલાંક મીમ્સ અને વ્યંગ્ય સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થયા હતા. ઉલ્લેખનીય છે કે હરિયાણામાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાહુલને સ્થાનિક નેતાએ ત્યાંની પ્રખ્યાત માતુરામ હલવાઈની જલેબી ભેંટ આપી હતી. રાહુલે કહ્યું હતું કે આ તેમણે ખાધેલી અત્યાર સુધીની સૌથી સ્વાદિષ્ટ જલેબી છે. તેમણે કહ્યું કે તેઓ આ જલેબીને દેશ-વિદેશના ખૂણે ખૂણે પહોંચાડવા માગે છે અને આ માટે ફેક્ટી શરૂ કરવામાં આવે તો કેટલાંક લોકોને રોજગાર પણ મળશે. ત્યારથી જલેબી એક રાજકીય મુદ્દો બન્યો હતો. ભાજપે પોસ્ટ કરી રાહુલને માહિતી આપી કે જલેબી ફેક્ટરીઓમાં નથી બનતી. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું હતું, 'માતુરામ જલેબી, કોંગ્રેસ ફરેબી.' બીજી એક પોસ્ટમાં લખ્યું હતું, 'હરિયાણાના લોકોએ જલેબીની ફેક્ટરીની જગ્યાએ સેમી કન્ડક્ટરની ફેક્ટરી પસંદ કરી.'

## પાકિસ્તાની યુઝર્સે ઝાકીર નાઈકને ટ્રોલ કર્યો, સરકારને કહ્યું આવા અભણ લોકોને આમંત્રણ આપશો નહીં

**પાકિસ્તાનીઓએ** તેને બોલાવ્યો હતો જેથી તેઓ જાણી જાય કે શા માટે ભારતે તેના પર પ્રતિબંધ મૂક્યો હતોઃ પાકિસ્તાની યુઝર્સ



ઈસ્લામાબાદ, તા. 8: વિવાદાસ્પદ ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈક, જેઓ પાકિસ્તાનની સરકારી મુલાકાતે છે, તે દેશભરના શહેરોમાં તેમના ભાષણ દરમિયાન કરેલી ટિપ્પણીઓને કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યા છે.

તેમનું તાજેતરનું નિવેદન, જેમાં તેઓ કુંવારીકાઓને સલાહ આપતા જોવા મળે છે જેઓ લગ્ન કરવા માગે છે, તે વર્તમાન વિવાદનું કેન્દ્ર બન્યું હતું.

પાકિસ્તાનમાં સોશિયલ મીડિયા યુઝર્સે ભાગેડુ ઉપદેશકને ટ્રોલ કર્યા હતા, તેમણે કહ્યું હતું કે 'તેને કોણે આમંત્રણ આપ્યું? મહેરબાની કરીને આગલી વખતે આવા અભણ લોકોને આમંત્રિત કરશો નહીં.'

અન્ય એક યુઝરે લખ્યું, 'મૂળભૂત રીતે, પાકિસ્તાનીઓએ તેને બોલાવ્યો હતો જેથી તેઓ જાણી જાય કે શા માટે ભારત અને અન્ય દેશોએ તેના પર પ્રતિબંધ મૂક્યો હતો.'

## AIનો પાયો નાંખતી શોધ કરનાર જ્હોન હોપફિલ્ડ અને જ્યોફ્રી હિન્ટનને ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર

**હિન્ટન** એઆઈથી માનવજાત પર થનારી અસરથી ચિંતિત, તેમને આ પુરસ્કાર મળવા પર આંચકો લાગ્યો



સ્ટોકહોમ, તા. 8 (એપી): આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પાયો નાંખનાર બે વિજ્ઞાનીઓ જ્હોન હોપફિલ્ડ અને જ્યોફ્રી હિન્ટનને મશીન લર્નિંગનો આધાર બનાવવામાં મદદ કરવા માટે મંગળવારે ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયા હતા, એમ નોબેલ કમિટિએ મંગળવારે જણાવ્યું હતું. મશીન લર્નિંગે આપણી કામ કરવાની અને જીવનની રીતમાં ક્રાંતિ લાવી છે પરંતુ માનવતા માટે નવા જોખમો પણ ઉભા કર્યા છે, એમ વિજેતાઓમાંના એકે જણાવ્યું હતું.

આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સના ગોડફાધર તરીકે ઓળખાતા હિન્ટન કેનેડા અને બ્રિટનના નાગરિક છે જે યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોમાં કામ કરે છે અને હોપફિલ્ડ અમેરિકન નાગરિક છે જેઓ પ્રિન્સટનમાં કામ કરે છે.

'આ વર્ષના ભૌતિકશાસ્ત્રના બે નોબેલ પુરસ્કાર વિજેતાઓએ ભૌતિકશાસ્ત્રના સાધનોનો ઉપયોગ કરીને એવી પદ્ધતિઓ વિકસાવી છે જે આજના શક્તિશાળી મશીન લર્નિંગનો પાયો છે', એમ નોબેલ કમિટિએ કહ્યું હતું.

કમિટિનાં એક સભ્ય એલેન મૂન્સે એઆઈની ખરાબ અસરનો ઉલ્લેખ કરતા કહ્યું કે 'જ્યારે મશીન લર્નિંગના અનેક લાભો છે, ત્યારે તેના ઝડપી વિકાસથી આપણા ભવિષ્ય વિશે પણ ચિંતાઓ ઊભી થઈ છે.'

હિન્ટનને પણ આ ચિંતાઓ છે, તેમણે ગૂગલમાંથઈ રાજીનામું આપ્યું હતું જેથી જે ટેક્નોલોજી બનાવવામાં તેમણે મદદ કરી હતી તેના જોખમો વિશે તે વધુ મુક્તપણે બોલી શકે.

મંગળવારે, તેમણે કહ્યું કે તેઓ નોબેલના સન્માનથી ચોંકી ગયા હતા.

## ફ્લોરિડા પર શક્તિશાળી વાવાઝોડું મિલ્ટનનું જોખમ, લોકોને રાજ્ય છોડીને જતા રહેવા કહેવાયું



**ફ્લાઈટ્સ** બંધ કરાઈ, માર્ગો પર ભારે ટ્રાફિક અને ગેસ સ્ટેશનો પર ઈંધણ સમાપ્ત થતા હજારો નાગરિકો ફસાયા

**સદીમાં** એક વખત આટલું પ્રચંડ વાવાઝોડું આવે છે

વોશિંગ્ટન, તા. 8: મોટી આપદા લાવનાર વાવાઝોડા 'મિલ્ટન'ના ટેમ્પા અને સેન્ટ પીટર્સબર્ગ પર સીધા ત્રાટકવાના જોખમના કારણે હજારો ભયભીત નાગરિકો ફ્લોરિડા રાજ્ય છોડીને ભાગી જવા માટે બેબાકળા બન્યા હતા. સદીમાં એક વખત આવતા આવા પ્રચંડ વાવાઝોડાએ આ પ્રદેશને ભારે તોફાન સાથે ઘેરી લીધું હતું.

આઈ-75 અને આઈ-4 સહિત રાજ્યભરના મુખ્ય માર્ગો આજે સવારે અટકી પડ્યા હતા કારણ કે કારની લાંબી લાઈનો રાજ્યમાંથી ભાગી જવાનો પ્રયાસ કરી રહી હતી. ટામ્પા, સેન્ટ પીટર્સબર્ગ અને ઓર્લાન્ડોના એરપોર્ટ્સ પર પહેલેથી જ ફ્લાઈટ્સ બંધ કરવામાં આવી છે, એટલે કે સ્થાનિક લોકો ટૂંક સમયમાં વિમાન દ્વારા બહાર નીકળી શકશે નહીં.

ટામ્પા ખાડી વિસ્તારના અધિકારીઓએ રહેવાસીઓને 'નાસી જવા અથવા મરી જવા'ની ચેતવણી આપી હતી કારણ કે કેટેગરી-4 તાકાતનું વાવાઝોડું, જે ગીચ વસ્તીવાળા મેટ્રો વિસ્તારને જોખમમાં મૂકે છે, તે નજીક આવ્યું હતું.

જો કે, કેટલાક રહેવાસીઓએ દાવો કર્યો છે કે તેઓ ઘરો ખાલી કરવાના આદેશોનું પાલન કરી શકતા નથી કારણ કે તે વધુ જોખમી હોઈ શકે છે. રસ્તાઓ પર ટ્રાફિક ખૂબ ગીચ છે અને તેમના વિસ્તારોમાં ગેસ સ્ટેશનો પર ઈંધણ સમાપ્ત થયું હતું.

મિલ્ટન વાવાઝોડું 155 માઈલ પ્રતિ કલાકની ઝડપના પવન સાથે રાજ્ય તરફ આવી રહ્યું હોવાથી ફ્લોરિડાના પશ્ચિમ કિનારાનો લગભગ સમગ્ર વિસ્તાર વાવાઝોડાની ચેતવણી હેઠળ છે.

## હરિયાણામાં હાર બાદ કોંગ્રેસમાં લડાઈ સપાટી પર આવી, કુમારી શૈલજાએ હૂડા પર નિશાન સાધ્યું

**હાઈકમાન્ડે** હરિયાણામાં પાર્ટીને પુનર્જીવિત કરવામાં મદદ કરવા માટે એક રણનીતિ ઘડવી જોઈએ અને પરિણામો માટે જવાબદાર લોકોની ઓળખ કરવી જોઈએ: શૈલજા

નવી દિલ્હી, તા. 8 : હરિયાણામાં કોંગ્રેસ નેતૃત્વમાં અસંતોષ મંગળવારે અંતિમ પરિણામોની ઘોષણા પહેલાં જ વધુ સ્પષ્ટ થયો હતો, જ્યારે કોંગ્રેસના નેતા કુમારી શૈલજાએ ભૂપિન્દર સિંહ હૂડા પર પરોક્ષ હુમલો કર્યો હતો, જેમના નેતૃત્વ હેઠળ પાર્ટીએ ચૂંટણી લડી હતી અને રાજ્યમાં જીત મેળવવામાં નિષ્ફળ રહી હતી. કુમારી શૈલજાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પાર્ટીના રાષ્ટ્રીય નેતૃત્વએ રાજ્યમાં પાર્ટીને પુનર્જીવિત કરવા અને હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં તેના નબળા પ્રદર્શન માટે જવાબદાર લોકોની ઓળખ કરવા માટે વ્યૂહરચના ઘડવાની જરૂર છે. શૈલજાએ રાજ્યમાં સત્તા પુનઃપ્રાપ્ત કરવાના પક્ષના પ્રયાસોને નબળો પાડનારા વ્યક્તિઓને ઓળખી કાઢવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

## ગડકરીએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા હમસફર નીતિ શરૂ કરી

**આ** નીતિમાં સ્વચ્છ શૌચાલય, બેબી કેર રૂમ, વ્હીલચેર, ઈવી ચાર્જિંગ સ્ટેશન જેવી સુવિધાઓ શરૂ કરવામાં આવશે

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે દેશના રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નેટવર્ક પર સ્વચ્છ શૌચાલય અને બેબી કેર રૂમ જેવી આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા માટે 'હમસફર નીતિ' શરૂ કરી હતી.

હમસફર નીતિમાં સ્વચ્છ શૌચાલય, બેબી કેર રૂમ, વ્હીલચેર માટેની જોગવાઈઓ, ઈવી ચાર્જિંગ સ્ટેશન, પાર્કિંગની જગ્યાઓ અને ઈંધણ સ્ટેશનો પર શયનગૃહ સેવાઓ જેવી સુવિધાઓ શરૂ કરવામાં આવશે.

આ નીતિ ઉદ્યોગસાહસિકોને સશક્તિકરણ, નોકરીઓનું સર્જન કરવા અને સેવા પ્રદાતાઓ માટે આજીવિકામાં વધારો કરશે અને હાઈવે પર મુસાફરી કરનારાઓ માટે અનુકૂળ, સલામત અને આનંદપ્રદ અનુભવ પણ પ્રદાન કરશે, એમ નિવેદનમાં કહેવાયું હતું.

લોકાર્પણ સમારોહને સંબોધતા, કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી ગડકરીએ કહ્યું હતું કે હમસફર બ્રાન્ડ દેશના વિશ્વ-કક્ષાના હાઈવે નેટવર્ક સાથે પ્રવાસીઓ અને ડ્રાઈવરો માટે અત્યંત સલામતી અને આરામનો પર્યાય બની જશે.


**વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી**
**ઇ-ટેન્ડર જાહેર નિવિદા (ત્રીજો પ્રયત્ન)**

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે,વલસાડ નગરપાલિકામાં વારિગૃહ શાખામાં સનેઃ ૨૦૨૪-૨૫ ના વર્ષમાં માલ-સામાન ખરીદી/કામગીરી કરાવવા માટે વાર્ષિક ઓનલાઈન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ(www.nprocure.com) પરથી તા. ૧૦/૧૦/૨૦૨૪ થી જોવા મળશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૨૧/૧૦/૨૦૨૪ ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી.થી મોકલવાની છેલ્લી તા.૨૪/૧૦/૨૦૨૪ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ ૧૨ :૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકાઓનો રૂબરૂ સંપર્ક કરવાથી સત્તા કરવાની જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હક્કો નગરપાલિકાના અબાધિત રહેશે.ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે, જેના કોઈ કારણો જણાવવામાં આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

| અ. નં. | કામનું નામ | ટેન્ડર ફી અને બાનાની રકમ |
|---|---|---|
| ૧ | ડી.આઈ.કે.-૯ પાઇપ તથા ફીટીંગ્સ સપ્લાય કરવાનું કામ. | રૂ.૧૦૬૨/- અને રૂ.૧૦,૦૦૦/- |
| ૨ | ઇલેક્ટ્રીક મોટર અને પંપને લગતા ઇલેક્ટ્રીક માલસામાન સપ્લાય કરવાનું કામ. | |
| ૩ | ઇલેક્ટ્રીક મોટર રીવાઇન્ડીંગ/રીપેરીંગ તથા સર્વિસ કરવાનું કામ. | |
| ૪ | ૧૭"/૩૨" ફિલ્ટર બેટની રેતી સપ્લાય કરવાનું કામ. | |
| ૫ | વારિગૃહ હેડ વર્કર્સ ખાતે ટ્રાન્સફોર્મરનું ઓઇલ ફિલ્ડર નવું નાખી ઓવર ઓઇલીંગ કરવાનું કામ તથા ટ્રાન્સફોર્મરનું રીવાઇન્ડીંગ કરવાનું કામ. | |
| ૬ | જી.આઇ./સી.આઈ./ડી.આઈ. પીવાના પાણીની પાઇપલાઇન નાખવાના કામે ફક્ત મજુરી કામ. | |
| ૭ | જુદી-જુદી સાઈઝના સ્પીન્ડલ, નટ,બુસીંગ બનાવવાનું કામ. | |
| ૮ | નગરપાલિકા હદમાં નવા બોર કરવાનું કામ. | |
| ૯ | વારિગૃહ હેડવર્કર્સ ખાતેના ડેમ માથી રેતી,ગ્રાવલ કાઢી વહન કરવાનું કામ. | |
| ૧૦ | વારિગૃહ હેડવર્કર્સ ખાતેના ડેમમાં પાણીનું લેવલ ઓછું થાય તેવા સમયે હોડીમાં મશીન રાખી મશીન થી ઇન્ટેકવેલમાં પાણી પહોચાડવાનું કામ. | |
| ૧૧ | To carry out job of increasing dam height on temporary basis by graved soil, plastic liner patti etc. pn existing dam as per details below. | |

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા | નં. માહિતી/વલસાડ/૩૫૪/૨૦૨૪ | વહીવટદાર, વલસાડ નગરપાલિકા



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
CIN L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031. ટેલિફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022.

**પરિશિષ્ટ IV [નિયમ 8(1)]**
**કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જ્યારે સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ના અધિકૃત અધિકારી હોવાથી અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વાંચેલી કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને 20.07.2024ની ડિમાન્ડ નોટિસ જારી કરીને ઉધાર લેનારા, સહ-ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓ 1. મેસર્સ નિશિતા ટેક્સો ફેબ, 2. રાકેશકુમાર લથ, 3. જોય લથ, 4. રશ્મિદેવી લથને નોટિસમાં દર્શાવેલ રકમ રૂ. 85,43,114/- (રૂપિયા પંચાસી લાખ તેતાલીસ હજાર એકસો ચૌદ માત્ર) 04.07.2024ના રોજ, આ ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું.

જોકે, ઋણ લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનાર અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે અધિનિયમ 13ની કલમની પેટા-કલમ (4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તા હેઠળ 05 ઓક્ટોબર 2024ના રોજ અહીં નીચે વર્ણવેલ મિલકતનો સાંકેતિક કબજો મેળવ્યો છે.

ખાસ કરીને ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર ધ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની બાકી રકમ રૂ. 85,43,114/- (રૂપિયા પંચાસી લાખ તેતાલીસ હજાર એકસો ચૌદ માત્ર) અને તેના પરનું વ્યાજ ચાર્જને આધીન રહેશે.

ધિરાણ લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

મિલકતની સૂચિ

ફ્લેટ નંબર A-901નો તે તમામ ભાગ અને પાર્સલ, આશરે 1267.00 સ્ક્વેર ફૂટ એટલે કે 117.75 સ્ક્વેર મીટર (બિલ્ટ અપ એરિયા), વેસુ બેરિંગ ઓલ્ડ રેવન્યુ સર્વે નંબર 385/4, 385/5, 386 અને 377 પર સ્થિત "સ્વપ્ન સંગિની" તરીકે ઓળખાતી બિલ્ડિંગ નંબર "A"ના 9મા માળે, નવા રીવીઝન સર્વે નંબર 425/3, 426 અને 418, ટી.પી. સ્કીમ નંબર 2 (વેસુ-ભરથાણા-વેસુ), ગામનો ફાઇનલ પ્લોટ નંબર 125: વેસુ, તાલુકો: સુરત શહેર, જિલ્લો: સુરત, ગુજરાત- 395007. અને બાઉન્ડેડ: પૂર્વ: ઓટ્સ, પશ્ચિમ: ફ્લેટ નંબર 902, ઉત્તર: પેસેજ, દક્ષિણ: ઓટ્સ

Sd/-
તારીખ: 05-10-2024 | અધિકૃત અધિકારી
સ્થળ: સુરત | આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
લોન એકાઉન્ટ નંબર:10079692053 અને 10079920024 | (અગાઉ આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)



સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India
રીજીયોનલ ઓફિસ : ૧લો માળ, નરીમન અબાદ, અહુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

**સુધારો**

A/C. : મે. શ્રીનાથજી ફેશન

મિલકતોની વેચાણ માટેની જાહેરાત "ઈ-હરાજી થી વેચાણ નોટીસ" જે તા. ૦૮.૧૦.૨૦૨૪ ના "ફાઈનાન્સીયલ એક્ષપ્રેસ", ઓલ ગુજરાત" અને "ગુજરાત મિત્ર", સુરત આવૃતિમાં પ્રસિધ્ધ થયેલ છે તે તરફ ધ્યાન દોરવામાં આવે છે. "ઈ-હરાજીથી વેચાણ નોટીસ" હેઠળ અં. નં. ૯ અને કોલમ નં. ૫ માં પઝેશનની તારીખ ૧૮.૦૫.૨૦૧૮ ના બદલે તા. ૧૯.૦૫.૨૦૧૮ સુધારીને વાંચવી. અન્ય શરતો અને નિયમો યથાવત રહેશે.

સહી/-
તારીખ : ૦૮.૧૦.૨૦૨૪ | અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા



**સુરત મહાનગરપાલિકા**
**આકારણી અને વસુલાત વિભાગ**
**સેન્ટ્રલ સેલ**
**વેરા ભરપાઈ કરવા અંગેની જાહેરાત**

આથી સુરત શહેરના નીચે જણાવેલ ઝોન/વોર્ડ/વિસ્તારના કરદાતાઓને જણાવવામાં આવે છે કે સને ૨૦૨૪- ૨૫ ના વર્ષના મિલકતવેરાના બીલો કરદાતાઓને રવાના કરવામાં આવી રહ્યા છે. કોઈક કારણસર આપણે વેરાબિલ મળેલ ના હોય તો આપના વિસ્તારની ઝોન કચેરીમાં આકારણી અને વસુલાત વિભાગનો રૂબરૂ સંપર્ક કરી બીલ અંગેની માહિતી મેળવી વેરાબિલ ભરપાઈ કરવા અનુરોધ છે.

**વેરાબિલ ભરપાઈ કરવાની આખર તારીખ ૦૮/૧૦/૨૦૨૪ વીતી ગઈ છે.**

વેસ્ટ ઝોન (રાંદેર) :- ૧૭ બી (લોકેશન ૧ થી ૩૫) (અડાજણ), ૯૨ એ (પાલ)
સેન્ટ્રલ ઝોન :- ૨ એ,બી,સી,ડી (રૂસ્તમપુરા), ૩ એ,બી,સી,ડી (સલાબતપુરા), ૪ બી (બેગમપુરા), ૫ એ,બી (હરીપુરા), ૬ એ,બી (મહિધરપુરા), ૭ એ,બી,સી,ડી (સૈયદપુરા), ૯ એ,બી(વાડી ફળિયા)
નોર્થ ઝોન (કતારગામ) :- ૧૫ ડી (ગોટાલાવાડી), ૧૯ ડી,ઈ (કતારગામ), ૬૧ એ (અમરોલી),૬૨ એ (છાપરાભાઠા), ૬૩ એ (કોસાડ), ૯૫ એ (ઉત્રાણ), ૧૦૮ એ (સેગવા સ્યાદલા), ૧૦૯ એ (વસવારી), ૧૧૦ એ બી (ગોથાણ), ૧૧૧ એ (ઉમરા), ૧૧૨ એ,બી (ભરથાણા-કોસાડ)
ઈસ્ટ ઝોન એ (વરાછા) :- ૧૮ બી,ડી (વરાછા), ૨૦ સી (નાના વરાછા), ૨૧ બી, સી (કરંજ), ૧૩૩ સી,ડી (સારોલી)
ઇસ્ટ ઝોન બી (સરથાણા) :- ૬૪ ડી,ઈ (પુણા), ૭૦ એ (સરથાણા),૧૨૩ એ (કઠોદરા), ૧૨૫ એ,ઈ (વેલંજા), ૧૨૬ એ (અબ્રામા), ૧૨૭ એ (ભાદા), ૧૨૯ એ (ખડસડ)
સાઉથ ઝોન એ (ઉધના) :- ૨૮ એ (ભેદવાડ), ૨૯ એ (ભેસ્તાન), ૩૦ એ (પાંડેસરા), ૩૧ એ, સી (બમરોલી), ૫૫ એ (ગવર્મેન્ટ), ૬૮ એ,બી,ડી (બમરોલી)
સાઉથ ઝોન બી (કનકપુર) :- ૬૭ એ,બી,સી,ડી,ઈ, એફ (ઉન), ૭૪ એ (સોનારી), ૭૬ એ,બી,સી (જીઆવ), ૭૭ એ,બી (ગભેણી), ૭૮ એ, બી (બુડીયા), ૧૦૫ એ (તલંગપોર)
સાઉથ વેસ્ટ ઝોન (અથવા) :- ૧૩ બી (અઠવા), ૩૫ એ (ભટાર), ૩૬ એ (ઉમરા-સીટી લાઈટ),૮૩ એ (વેસુ), ૮૫ એ (રૂંઢ), ૮૬ એ (મગદલ્લા)
સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત) :- ૨૩ એ (ઉમરવાડા), ૨૫ એ (લિંબાયત), ૨૬ ડી,ઈ (ડીંડોલી), ૬૫ બી (ગોડાદરા), ૬૬ એ,બી,સી,ડી (પર્વત), ૭૩ ઈ (ડીંડોલી)

**વેરાબિલ ભરપાઈ કરવાની આખર તારીખ ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.**

વેસ્ટ ઝોન (રાંદેર) :- ૧૬ એ,બી,સી,ડી (રાંદેર), ૩૮ એ.બી.સી.ડી.ઈ,એફ (જહાંગીરાબાદ)
સેન્ટ્રલ ઝોન :- ૧ એ,ડી (નાનપુરા), ૪ એ.સી,ડી (બેગમપુરા), ૮ એ,બી (ગોપીપુરા)
નોર્થ ઝોન (કતારગામ) :- ૧૯ જી (કતારગામ), ૬૨ બી (છાપરાભાઠા), ૬૩ બી (કોસાડ)
ઇસ્ટ ઝોન એ (વરાછા) :- ૧૮ એ.સી (વરાછા), ૨૧ એ (કરંજ), ૫૪ એ (ગવર્મેન્ટ), ૬૪ બી,જી,એચ (પુણા), ૧૩૧ બી (સણીયા હેમાદ)
ઇસ્ટ ઝોન બી (સરથાણા) :- ૨૦ એ (નાના વરાછા). ૭૧ એ (મોટા વરાછા), ૧૨૫ બી,સી (વેલંજા)
સાઉથ ઝોન એ (ઉધના) :- ૨૭ એફ (ઉધના), ૨૯ બી,સી (ભેસ્તાન), ૩૧ બી (બમરોલી), ૬૮ સી,ઈ (બમરોલી), ૭૫ એ,બી,સી,ડી,ઈ (વડોદ)
સાઉથ ઝોન બી (કનકપુર) :- ૧૦૬ એ (પાલી)
સાઉથ વેસ્ટ ઝોન (અથવા) :- ૧૩ એ (અઠવા),૩૨ એ (મજુરા), ૫૬ એ (ગવર્મેન્ટ)
સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત) :- ૨૩ બી (ઉમરવાડા), ૨૫ બી,સી (લિંબાયત), ૨૬ એ,બી,સી,એફ (ડીંડોલી), ૩૪ એ,બી (આંજણા), ૫૭ એ (ગવર્નમેન્ટ), ૬૫ એ,સી (ગોડાદરા), ૭૩ એ,બી,સી,ડી (ડીંડોલી)

નં. પી.આર.ઓ./૨૪૬/૨૦૨૪-૨૫ | ડે.કમિશ્નર
તા. ૦૮/૧૦/૨૦૨૪ | સુરત મહાનગરપાલિકા